Annexure - I

પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોની યોજના) "સ્થાનિક રહેવાસી" કોને ગણવા તે અંગેની સ્પષ્ટતા બહાર પાડવા અંગે.

ગુજરાત સરકાર
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્ર: વભદ/૧૦૨૦૦૬/SCA/૩૫૯/ક
સચિવાલય,ગાંધીનગર
તા. ૪/૨/૨૦૦૬

વંચાણે લીધા:- (૧) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાંક: વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ક તા.૨/૮/૨૦૦૪
(૨) નામદાર હાઇકોર્ટએ સ્પે.સી.એ.નં.૩૫૯/૨૦૦૬માં તા.૧૯/૧/૨૦૦૬થી કરેલ હુકમ

ઠરાવ:-

પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) અન્વયે વાજબી ભાવની દુકાનોની ફાળવણી અંગેની નીતિ વિષયક સંકલિત સુચનાઓ સંદર્ભ-૧મા દર્શાવેલ સરકારના તા.૨/૮/૨૦૦૪ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવમા સ્થાનિક શિક્ષિત બેરોજગારને દુકાન ફાળવણીમાં પ્રથમ અગ્રતા આપવાનું નકકી કરવામ આવેલ છે. પરંતુ "સ્થાનિક રહેવાસી" (Local resident) કોને ગણવા તે અંગેની કોઇ સ્પષ્ વ્યાખ્યા ઉકત ઠરાવમાં ન હોવાથી આ બાબતમાં સ્થાનિક રહેવાસીની સ્પષ્ટ વ્યાખ્યા બહા પાડવી જરુરી બની છે. નામદાર હાઇકોર્ટએ સ્પે.સી.એ.૩૫૯/૦૬ના કેસમાં તા.૧૯/૧/૦૬ન હુકમથી આ હેતુ માટે સ્થાનિક રહેવાસી કોને ગણવામાં આવે છે. તે અંગેની સ્પષ્ટતા કરવ સરકારને જણાવેલ છે. સ્થાનિક રહેવાસી ની વ્યાખ્યા નકકી કરવા સબંધમાં સરકારના "ડોમી સાઇલ" સર્ટિફીકેટ આપવા સબંધના નીતિ નિયમો સરકારશ્રીએ ધ્યાનમાં લીધા છે. હાલમાં "ડોમી સાઇલ" સર્ટિફીકેટ આપવા માટે જે તે વ્યકિત જે તે સ્થળે ઓછામાં ઓછા સતત ૧૦ વર્ષથી રહેતી હોય તેનેજ "ડોમી સાઇલ" સર્ટિફીકેટ તાલુકા મેજીસ્ટ્રેટ/ જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ઇસ્યુ કરવામાં આવે છે.

૨/- આમ ઉપર્યુકત બાબતમં પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી વાજબી ભાવની દુકાનોની ફાળવણીના હેતુ માટે સ્થાનિક રહેવાસી કોને ગણવા તે અંગે નીચે મુજબ ઠરાવે છે

તથા સરકારના તા.૨/૮/૦૪ના ઠરાવના ફકરાનં.-૨ (વ્યાખ્યાઓ)માં ૨.૧૩.૩ પછી નવો ફકરો ૨.૧૪ નીચે મુજબ દાખલ કરવામાં આવે છે.

ઠરાવ:-

દુકાન મંજુરીના સંદર્ભમાં ઉમેદવારની લાયકાતના સંદર્ભમાં૨.૧૪ નીચે મુજબની પાત્રતા ધરાવતી વ્યકિતને "સ્થાનિક રહેવાસી" (Local resident) ગણવાની રહેશે.

ફકરાનં.૨.૧૪:- દુકાન મંજુરીના સંદર્ભમાં ઉમેદવારની લાયકાતના સંદર્ભમાં નીચે મુજબની પાત્રતા ધરાવતી વ્યકિતને "સ્થાનિક રહેવાસી" તરીકે ગણવાની રહેશે.

(૧) પુરૂષ અરજદાર, અપરણિત સ્ત્રી-અરજદારના કિસ્સામાં આવી વ્યકિત જે તે ગામમાં / સ્થળે, દુકાનની જાહેરાતની તારીખ પહેલાંથી સતત ૧૦ (દસ) વર્ષથી વસવાટ કરતી હોવી જોઇએ.

(૨) પરણિત સ્ત્રી અરજદારના કિસ્સામાં સ્ત્રી જે તારીખે લગ્ન કરે તે તારીખથી, તેનો પતિ જે ગામમાં/સ્થળે વસવાટ કરતો હોય તે સ્થળની તે "સ્થાનિક રહેવાસી" ગણાશે પરંતુ તે અંગેની શરત એ છે કે તે પરણિત સ્ત્રીનો પતિ જે તે ગામમાં/સ્થળે સતત ૧૦ (દસ) વર્ષથી વસવાટ કરતો હોવો જોઇએ. જો તે સ્ત્રીનો પતિ દસ વર્ષ કરતા ઓછા સમયથી જે તે સ્થળે રહેતો હોય તો તેવી પરણીત સ્ત્રી, જે તે સ્થળની "સ્થાનિક" રહેવાસી ગણાશે નહિ.

(૩) અરજદારે" સ્થાનિક રહેવાસી"ના પુરાવા તરીકે સક્ષમ અધિકારીનું " ડોમી સાઇલ સર્ટિફિકેટ"રજુ કરવાનું રહેશે.

આ ઠરાવ તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.ડી.અસારી)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
૨. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ,
૩. અન્ન નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદ શહેર
૪. નાયબ અન્ન નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદ શહેર

૫. સર્વે મામલતદારશ્રીઓ/મહાલકારીશ્રીઓ

**નકલ જાણ સારૂ રવાનાઃ-**

૧. માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી,અન્ન ના.પુ.અને ગ્રા.બા.વિ.સચિવાલય ગાંધીનગર
૩. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,અન્ન ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
૪. નિયામકશ્રી (નાગરિક પુરવઠા) અન્ન ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય ગાંધીનગર
૫. અન્ન નિયામકશ્રી, અન્ન ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૬. નિયામકશ્રી,નાગરિક પુરવઠા(તપાસણી શાખા) સચિવાલય,ગાંધીનગર
૭. વિભાગની સર્વે શાખાઓ/અ,બ,ડ,ઈ,ફ,વિશેષ જ શાખા
૮. મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૯. સીલેકટ ફાઈલ
૧૦. અંગત ફાઈલ